# શ્રીરામકથાનું બીજારોપણ

'રામાયણ'નો પ્રારંભ વાલ્મીકિ અને નારદજીના સંવાદથી થાય છે.

આ નારદજી કોણ છે?

નારદજી આપણા પૌરાણિક સાહિત્યનું એક ઘણું વિશિષ્ટ પાત્ર છે. 'મહાભારત', 'રામાયણ' આદિ મહાકાવ્યો અને પુરાણો તથા ઉપપુરાણોમાં ભાગ્યે જ એવો કોઈ ગ્રંથ હશે, જેમાં નારદજીનો ઉલ્લેખ કે ફાળો ન હોય.

ભગવાન વ્યાસજીને નારદજી 'ચતુઃશ્લોકી ભાગવત' આપીને 'શ્રીમદ્ ભાગવત' રચવાની પ્રેરણા આપે છે. અહીં 'વાલ્મીકિય રામાયણ'ના પ્રથમ સર્ગમાં એવું સ્પષ્ટ કથન છે કે નારદજી વાલ્મીકિજીને રામકથા સંક્ષેપમાં સંભળાવે છે અને આ રીતે પ્રારંભમાં નારદજી વાલ્મીકિજીના ચિત્તમાં રામકથાનું બીજારોપણ કરે છે.

ફરી વાર આપણી સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થાય છે : આ નારદજી કોણ છે?

પૌરાણિક માન્યતા પ્રમાણે નારદજી બ્રહ્માજીના માનસપુત્ર છે, પરંતુ કથા પાછળનું તાત્ત્વિક રહસ્ય શું છે? નારદજી એટલે કોણ? નારદજી એટલે શું?

નારદજીનું સ્વરૂપ અને નારદજીના કાર્યનું સ્વરૂપ તપાસવાથી આ પ્રશ્નનો ઉત્તર મળી શકે તેમ છે.

લોકપરંપરામાં એવી માન્યતા પ્રચલિત બની ગઈ છે કે નારદજી એટલે ઝઘડો કરાવનાર. લોકોમાં ઝઘડો કરાવનાર વ્યક્તિને

મજાકમાં 'નારદજી' કહેવાની રીત પણ જોવા મળે છે, પરંતુ વસ્તુતઃ નારદજીના યથાર્થ સ્વરૂપ સાથે આ લોકમાન્યતા જરા પણ સુસંગત નથી. નારદજી ઝઘડો કરાવનાર નથી, પરંતુ ઝઘડો શાંત કરાવનાર છે. નારદજી સમસ્યા ઊભી કરનાર નથી, પરંતુ સમસ્યાનું નિરાકરણ શોધી આપનાર છે.

નારદજીના સ્વરૂપને સમજવા આ ચાર તત્ત્વોને દૃષ્ટિ સમક્ષ રાખવાં જોઈએ :

૧. 'શ્રીમદ્ ભાગવતમાં ભગવાનના ૨૪ અવતારોનું કથન છે. તદનુસાર નારદજી તૃતીય ભગવદાવતાર છે.

૨. નારદજી બ્રહ્માજીના માનસપુત્ર છે. નારદજીના પિતા બ્રહ્માજી છે, પરંતુ માતા કોઈ નથી, કારણ કે નારદજી માનસપુત્ર છે.

૩. નારદજીની અપ્રતિહત ગતિ છે. તદનુસાર નારદજી કોઈ પણ સમયે, કોઈ પણ લોકમાં, કોઈ પણ સ્થાને જઈ શકે છે. તેમને કોઈ રોકી શકે નહીં. નારદજીની સંકલ્પ ગતિ છે. તદનુસાર નારદજી જ્યાં જવા ઇચ્છે ત્યાં તરત જ પહોંચી શકે છે. નારદજી વૈકુંઠમાં, કૈલાસમાં, દ્વારિકામાં કે જનક મહારાજના અંતઃપુરમાં પણ જઈ શકે છે.

૪. નારદજી ભગવાનના ભક્તોને સહાય કરે છે, માર્ગદર્શન આપે છે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ પણ શોધી આપે છે.

જીવનનું વિધાન મંગલમય છે. જીવનનું સ્વરૂપ જ એવું છે કે શ્રદ્ધાળુ અને ભગવદ્ પરાયણ વ્યક્તિના જીવનમાં જ્યારે કોઈ સમસ્યા ઉપસ્થિત થાય ત્યારે તેના નિરાકરણનો માર્ગ પણ મળી રહે છે. સમસ્યા ઉપસ્થિત થાય ત્યારે સમસ્યાનું નિરાકરણ આપનારી પરમાત્માની શક્તિ, પરમાત્માની સહાય પણ હાજર થઈ જાય છે. પરમાત્માની કૃપાશક્તિ, સહાયિકા શક્તિ ભક્તને સહાય

કરવા અચૂક હાજર થઈ જાય છે. મુશ્કેલીમાં માર્ગ દર્શાવનારી પરમાત્માની કૃપાશક્તિ, સહાયિકા શક્તિ તે જ નારદજી છે.

પરમાત્માની કૃપાશક્તિ એક આધ્યાત્મિક રહસ્ય છે. પૌરાણિક ભાષામાં તેને 'નારદજી' કહે છે. 'नरस्य धर्मो नारं, तत् ददाति इति नारदः।' મનુષ્યને તેના ધર્મપથ પર, અધ્યાત્મપથ પર સહાય કરનાર પરમાત્માની શક્તિ તે જ નારદજી છે. પૌરાણિક સાહિત્ય, 'રામાયણ', 'મહાભારત' આદિમાં એવા અપરંપાર પ્રસંગો જોવા મળે છે જ્યાં મુશ્કેલીમાંથી માર્ગ બતાવનાર શક્તિરૂપે નારદજી હાજર થઈ જાય છે.

જ્યારે ભક્ત માટે બધાં જ દ્વાર બંધ થઈ જાય ત્યારે ભગવાન ભક્તને નારદજીના માધ્યમથી સહાય મોકલે છે, જેમ સમ્રાટને પોતાના દૂત હોય છે અને દૂતના માધ્યમથી સમ્રાટ પોતાનું કાર્ય સિદ્ધ કરે છે, તેમ સૃષ્ટિના સમ્રાટ પરબ્રહ્મ પરમાત્માના નારદજી દૂત છે. આ દૂતના માધ્યમથી પરમાત્મા પોતાના ભક્તોને સહાય કરે છે, માર્ગદર્શન આપે છે અને સમસ્યાઓનું નિરાકરણ પણ શોધી આપે છે.

નારદજી એટલે પરમાત્માની સહાયિકા શક્તિનું વૈયક્તિક સ્વરૂપ! હવે આપણે જોઈએ કે વાલ્મીકિજી કોણ છે.

વાલ્મીકિજીનો જન્મ તો અંગિરાગોત્રના બ્રાહ્મણ કુળમાં થયો હતો. જન્મનું નામ તો રત્નાકર હતું. ડાકુ-લૂંટારાઓના સંસર્ગમાં રહીને તેઓ ડાકુ બની ગયા અને લૂંટ-હત્યા કરવા લાગ્યા.

એક વાર તેમણે જોયું કે સામેથી કોઈ આવે છે. તેઓ નારદજી હતા. લૂંટારુ વાલ્મીકિ તો તેમને રોકીને બોલ્યા :

"જે હોય તે આપી દે, અન્યથા મારી નાખીશ."

નારદજી હસીને કહે છે : "મારી પાસે તો આ એક વીણા છે અને આ એક વસ્ત્ર છે. તમારે જોઈએ તો તમે રાખો."

"વીણાને હું શું કરું? તમે થોડું ગાઈ-વગાડીને સંભળાવો."

નારદજી વીણાવાદન સાથે મધુર સ્વરમાં ભગવાનના ત્રૈલોક્યપાવન નામોનું કીર્તન કરવા લાગ્યા. આ સાંભળીને વાલ્મીકિનું હૃદય કોમળ બની ગયું અને તેમના હૃદયમાં દયાનો સંચાર થયો.

નારદજી તેમને કરુણાવશ કહે છે : "તમે જીવહિંસા શા માટે કરો છો? પ્રાણીઓના વધસમાન કોઈ પાપ નથી."

વાલ્મીકિ ઉત્તર આપે છે : "મોટો પરિવાર છે. આજીવિકાનું બીજું સાધન નથી. લૂંટ ન કરું તો શું કરું?"

નારદજી કહે છે : "તમે ઘરે જઈને તમારા પરિવારજનોને પૂછીને આવો કે તેઓ માત્ર ભોજનમાં જ ભાગીદાર છે કે આ લૂંટ-મારના પાપમાં પણ ભાગીદાર છે."

પોતે ઘરે જાય ત્યારે નારદજી નાસી જાય તેવી શંકાથી વાલ્મીકિ નારદજીને એક વૃક્ષ સાથે બાંધીને ઘરે જાય છે અને પરિવારજનોને પૂછે છે : "તમે મારા પાપમાં ભાગીદાર છો કે નહીં?"

પરિવારજનો ઉત્તર આપે છે : "અમને ભોજન આપવું તે તમારું કર્તવ્ય છે. તમે કઈ રીતે ધન લાવો છો, તે અમે જાણતા નથી. અમે તમારા પાપમાં ભાગીદાર નથી!"

પરિવારજનોનો આ ઉત્તર સાંભળીને વાલ્મીકિજીની આંખો ખૂલી ગઈ. તેમણે જંગલમાં જઈને નારદજીનાં બંધનો ખોલ્યાં. વાલ્મીકિજી નારદજીનાં ચરણોમાં પડીને ખૂબ રડે છે. તેઓ નારદજીનું શરણ સ્વીકારે છે.

નારદજી તેમને વિચારપૂર્વક સમજીને 'રામ'મંત્રના ઊલટા રૂપ 'મરામરા'નો ઉપદેશ આપે છે.

દેવર્ષિ નારદજીનો ઉપદેશ ગ્રહણ કરીને વાલ્મીકિજી એકસાથે બેસીને અખંડ જપ કરે છે. તેમના શરીર પર રાફડો જામી ગયો. રાફડાને સંસ્કૃતમાં 'વલ્મીક' કહે છે. તદનુસાર તેમનું નામ 'વાલ્મીકિ' પડે છે. હવે રત્નાકર મહર્ષિ વાલ્મીકિ બને છે.

વાલ્મીકિજી ભારતના આદિકવિ છે. તેમણે 'વાલ્મીકિય રામાયણ'ની રચના કરી છે. ભગવાન શ્રીરામના ચરિત પર અનેક 'રામાયણો'ની અને અન્ય ગ્રંથોની રચના થઈ છે. તે સર્વમાં પ્રથમ, પ્રધાન અને પ્રમાણભૂત 'વાલ્મીકિય રામાયણ' છે.

વનવાસ દરમિયાન ભગવાન શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણજી તમસા કિનારે તેમના આશ્રમ પર જાય છે અને તેમના માર્ગદર્શન પ્રમાણે ચિત્રકૂટમાં નિવાસ કરે છે.

સીતાજી અંતિમ વનવાસ દરમિયાન વાલ્મીકિજીના આશ્રમે રહે છે. લવ-કુશનો જન્મ અને ઉછેર અહીં જ થાય છે. વાલ્મીકિજીએ 'રામાયણ'નું ગાન સૌથી પ્રથમ લવ-કુશને જ શીખવ્યું હતું.

'વાલ્મીકિય રામાયણ'ની રચના માટે સમગ્ર ભારતવર્ષ યુગો સુધી વાલ્મીકિજીનો ઋણી રહેશે.

તુલસીદાસજી કહે છે :

जान आदिकवि नाम प्रतापू।
भयउ सुद्ध करि उलटा जापू॥

*– रामचरितमानस, बालकांड : १९-५*

*"આદિકવિ શ્રી વાલ્મીકિજી રામનામનો પ્રતાપ જાણે છે,*
*જેઓ ઊલટું નામ (મરામરા) જપીને પરમ પવિત્ર બની ગયા."*

વાલ્મીકિજી અને નારદજીનું મિલન કેવી રીતે થાય છે.

વાલ્મીકિજી કોઈ મુશ્કેલીમાં નથી. તેઓ તમસા તીરે પોતાના આશ્રમમાં રહે છે, પરંતુ તેમના મનમાં કોઈ આત્મવાન પુરુષનું ચરિત્ર જાણવાની ઇચ્છા છે. આ સાત્ત્વિક ઇચ્છાના પ્રતિભાવરૂપે નારદજી તરત હાજર થાય છે.

સ્વાગત, આસનગ્રહણ પછી તરત જ વાલ્મીકિજી નારદજીને પૂછે છે :

"હે મુને! વર્તમાનકાળમાં એવો પુરુષ કોણ છે, જેનામાં આ સોળ લક્ષણો હોય?

૧. ગુણવાન, ૨. વીર્યવાન, ૩. ધર્મજ્ઞ, ૪. કૃતજ્ઞ, ૫. સત્યવક્તા, ૬. દઢપ્રતિજ્ઞ, ૭. સદાચારી, ૮. સૌના હિતસાધક, ૯. વિદ્વાન, ૧૦. સામર્થ્યવાન, ૧૧. પ્રિયદર્શન (સુંદર), ૧૨. મન પર અધિકાર ધરાવનાર, ૧૩. ક્રોધજીત, ૧૪. કાંતિમાન, ૧૫. કોઈની ઈર્ષા ન કરનાર, ૧૬. સંગ્રામમાં દેવોને પણ ડરાવનાર.

એવો પુરુષ કોણ છે, જેનામાં આ સોળ ગુણો હોય?"

મહર્ષિ વાલ્મીકિજીના આ પ્રશ્નના ઉત્તરમાં નારદજી કહે છે :

"હે મુને! તમે ઘણા દુર્લભ ગુણોનું વર્ણન કર્યું છે. તે સર્વ ગુણોથી યુક્ત, સર્વગુણસંપન્ન એક પુરુષ છે. તેઓ ઈક્ષ્વાકુ વંશમાં પ્રગટ થયા છે. તેઓ અયોધ્યાના રાજા મહારાજ દશરથના પુત્ર છે અને તેમનું નામ છે : રામ!"

તદનંતર નારદજી સંક્ષેપમાં ભગવાન શ્રીરામની કથા વાલ્મીકિજીને કહે છે. આ પ્રમાણે સંક્ષેપમાં રામકથા સંભળાવીને નારદજી આકાશમાર્ગે વિદાય થાય છે.

હવે 'વાલ્મીકિય રામાયણ'ને જન્મ આપનાર એક નાની પણ માર્મિક ઘટના સમજીએ. નારદજી પાસેથી રામકથા સંક્ષેપમાં સાંભળીને વાલ્મીકિજી બે ઘડી પછી તમસા નદીના કિનારે સ્નાન કરવા માટે જાય છે. તે વખતે નદીકિનારે એક સારસ યુગલ તેમની નજરે ચડે છે. આનંદથી કિલ્લોલ કરતાં આ સારસ યુગલમાંના એકને પારધીએ બાણ માર્યું. તે સારસ મૃત્યુ પામે છે. તે જોઈને બીજું સારસ પક્ષી કરુણ આક્રંદ કરે છે. આ કરુણ દશ્ય જોઈને ઋષિ વાલ્મીકિજીના મુખમાંથી અનાયાસે એક શ્લોક નીકળે છે :

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वती समाः।
यत् क्रोञ्मिथछुनादेकमवधीः काममोहितः॥

*– वाल्मीकि रामायण, बा.का.: २-१४*

*"હે નિષાદ! તને શાશ્વતકાળ સુધી શાંતિ નહીં મળે, કારણ કે સારસ-યુગલમાંના કામથી મોહિત એકની તેં હત્યા કરી છે."*

આ નાના પરંતુ હૃદયસ્પર્શી અને માર્મિક પ્રસંગમાં રામકથા સંક્ષેપમાં વ્યક્ત થાય છે. સારસ યુગલ એટલે સીતારામ અને નિષાદ એટલે રાવણ. આવો આ કથાનો સાંકેતિક અર્થ છે. કવિહૃદયી અને આર્ષદૃષ્ટા વાલ્મીકિના મુખમાંથી અનાયાસે નીકળી ગયેલી આ શાપવાણી અનુષ્ટુપ છંદરૂપે છે.

એક સારસ પક્ષીની નિષાદ દ્વારા હત્યા, અન્ય સારસ પક્ષીનું આક્રંદ અને પોતાના મુખમાંથી નીકળેલી શાપવાણી – આ સર્વથી વ્યથિત થયેલા વાલ્મીકિજી પોતાના આશ્રમે પાછા ફરે છે. વાલ્મીકિજી ખિન્ન મને આસન પર બેસે છે. તેમનું મન વિગત પ્રસંગને કારણે શોકયુક્ત હોય છે, ત્યારે બ્રહ્માજી ત્યાં પધારે છે. સારસહત્યા, શ્લોકબદ્ધ શાપવાણી અને વાલ્મીકિજીની શોકયુક્ત અવસ્થા જાણીને બ્રહ્માજી વાલ્મીકિજીને કહે છે :

"મારી પ્રેરણાથી જ નારદજી તમારી પાસે આવ્યા હતા અને મારી પ્રેરણાથી જ તમારા મુખમાંથી આ છંદોબદ્ધ શ્લોક નીકળ્યો છે. હે મુનિ! હવે શોકનો ત્યાગ કરો અને રામચરિત્ર ('રામાયણ') ની રચના કરો."

આમ, બ્રહ્માજી વાલ્મીકિજીને 'રામાયણ'ની રચના કરવાની પ્રેરણા આપે છે. બ્રહ્માજીની પ્રેરણા એટલે બ્રહ્માજીની પુત્રી સરસ્વતી! બ્રહ્માજીની પ્રેરણારૂપે વાણીની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી જ મુનિ વાલ્મીકિજીના ચિત્તમાં પ્રવેશે છે. બ્રહ્મા બ્રહ્માંડના સર્જક છે. તેમની જ શક્તિ સરસ્વતી સર્જકશક્તિ છે. તદનુસાર સાહિત્યસર્જનની અધિષ્ઠાત્રીદેવી સરસ્વતી જ છે, જે બ્રહ્માજીની પ્રેરણાથી વાલ્મીકિજીના ચિત્તમાં પધારે છે અને આ રીતે 'રામાયણ'ની રચનાનો પ્રારંભ થાય છે, 'રામાયણ'નો જન્મ થાય છે.

બ્રહ્માજીની વિદાય પછી વાલ્મીકિજી દર્ભાસન પર બિરાજમાન થાય છે અને એકાગ્ર ચિત્તે રામકથાનું અનુસંધાન કરે છે. સમાધિ અવસ્થામાં પ્રતિષ્ઠિત થઈને ભગવાન શ્રીરામની લીલાનું દર્શન

કરે છે. આ સમાધિ દર્શનને આધારે રામકથા (‘રામાયણ’)ની રચના થાય છે.

ભગવાન શ્રી વ્યાસદેવજીએ ‘શ્રીમદ્ ભાગવત’ની રચના સમાધિદર્શન દ્વારા કરેલી છે. તેથી ‘શ્રીમદ્ ભાગવત’ની ભાષા સમાધિ ભાષા ગણાય છે, તે જ રીતે ‘વાલ્મીકિય રામાયણ’ પણ ઋષિ વાલ્મીકિના સમાધિ દર્શન દ્વારા રચાયેલો ગ્રંથ છે. તદનુસાર તે પણ સમાધિ ભાષા છે.

સમાધિ દર્શન દ્વારા ગ્રંથની રચના એટલે શું?

સમાધિ એટલે દ્રષ્ટાની સ્વરૂપસ્થિતિની અવસ્થા.

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्।

– *योगसूत्र : १-३*

*“ત્યારે દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.”*

આ અવસ્થામાં ચિત્ત રાગદ્વેષથી મુક્ત થાય છે અને અહંકારનો વિલય થાય છે. અહંકાર, રાગદ્વેષ અને વૃત્તિઓથી મુક્ત આ અવસ્થા છે. આ અવસ્થામાં સાધકની ચેતનામાં ઊર્ધ્વચેતનાનો પ્રકાશ પથરાય છે. ઊર્ધ્વચેતનાનાં સત્યો અધ્યાત્મજગતનાં સત્યો આ અવસ્થા દરમિયાન સાધકની ચેતનામાં પ્રગટે છે. આ વિશિષ્ટ દર્શનને જ આર્ષદર્શન કહે છે. આ અવસ્થામાં જે સત્યનું દર્શન થાય છે, તેને સમાધિ દર્શન કહે છે. આ દર્શન ભાષા દ્વારા વ્યક્ત થાય ત્યારે તે ભાષાને અર્થાત્ અભિવ્યક્તિને ‘સમાધિ ભાષા’ કહેવામાં આવે છે.

આ રીતે સમાધિ દર્શનને પરિણામે જે ગ્રંથની રચના થાય છે, તેને સમાધિ સર્જન કહેવામાં આવે છે.

આપણાં વેદ-ઉપનિષદો આ સ્વરૂપના ગ્રંથો છે. ‘શ્રીમદ્ ભાગવત’ શ્રી વ્યાસદેવજીનું સમાધિ સર્જન છે. તે જ રીતે ‘વાલ્મીકિય રામાયણ’ ઋષિ વાલ્મીકિજીનું સમાધિ દર્શન છે.

કથાઓના માધ્યમ દ્વારા આ ગ્રંથોમાં અલૌકિક સત્યો અભિવ્યક્ત થાય છે.

આમ, એક અલૌકિક ચેતનામાં એક અલૌકિક ચેતના દ્વારા 'વાલ્મીકિય રામાયણ'નું બીજારોપણ થયું છે.

હવે આ રામકથા ભાષાના માધ્યમ દ્વારા અભિવ્યક્ત થશે.

# બાળલીલા

શ્યામ અને ગૌર વર્ણની બે જોડી છે. શ્રીરામ શ્યામ છે અને લક્ષ્મણજી ગૌર છે. ભરતજી શ્યામ છે અને શત્રુઘ્નજી ગૌર છે. બાળપણથી જ લક્ષ્મણજીએ શ્રીરામચંદ્રજીને પોતાના પરમ હિતૈષી સ્વામી જાણીને તેમનાં ચરણોમાં પ્રીતિ જોડી દીધી છે. ભરતજી અને શત્રુઘ્નજી વચ્ચે પણ સ્વામી-સેવકની પ્રીતિ બની ગઈ છે. આમ, લક્ષ્મણજી ભગવાન શ્રીરામને અનુસરે છે અને શત્રુઘ્નજી ભરતજીને અનુસરે છે.

આ બંને જોડીને જોઈને માતાઓ અતિ હર્ષ અનુભવે છે અને તણખલું તોડે છે, જેથી કોઈની નજર ન લાગે. તેમના ચારેય પુત્રો રૂપ, ગુણ અને શીલનાં ધામ છે. પ્રભુ રામ તો સાક્ષાત્ પરમેશ્વર છે. તેમના વિશે તો બધા જ શબ્દો અધૂરા પડે છે. ત્રણેય ભાઈઓ પણ તેમના જ અંશો છે. ભરતજી પણ પ્રભુની લીલા માટે પ્રભુના અંશથી પ્રગટ થયા છે અને તદનુસાર તેઓ પણ રૂપ, ગુણ અને શીલનાં ધામ છે.

ચારેય ભાઈઓ થોડા મોટા થયા એટલે ચૂડાકર્મનો પ્રસંગ આવ્યો. ચૂડાકર્મવિધિ એટલે બાળમોવાળા ઉતરાવવાનો વિધિ. તે વખતે ગુરુમહારાજ વસિષ્ઠજીએ ચારેય ભાઈઓનો વિધિવત્ ચૂડાકર્મ-સંસ્કારવિધિ કરાવ્યો. તદનુસાર ભગવાન શ્રીરામની સાથે ભરત આદિ ત્રણેય ભાઈઓનો પણ ચૂડાકર્મ-સંસ્કારવિધિ સંપન્ન થયો. બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપવામાં આવી, બ્રહ્મભોજન થયું અને સ્નેહીજનોને માટે સ્નેહભોજન પણ થયું.

પ્રારંભથી જ એવી પરંપરા રહી છે કે ચારેય ભાઈઓના વિવિધ

સંસ્કારો સાથે જ થાય છે. તદનુસાર ભગવાન શ્રીરામ સાથે શ્રીરામાનુજ ભરતજીનો પણ સંસ્કારવિધિ થાય છે.

ચારેય રાજકુમારો ઘણાં જ મનોહર બાળચરિત્રો કરી રહ્યા છે. ચારેય રાજકુમારોનાં બાળચરિત્રો જોઈને મહારાજ દશરથજી અને ત્રણેય માતાઓ અપાર આનંદ પામી રહ્યાં છે. આ આનંદમાં અયોધ્યાવાસીઓ પણ સામેલ હોય છે.

હવે પ્રભુ રામ આદિ ચારેય ભાઈઓ કુમારાવસ્થામાં પહોંચ્યા છે. હવે ઉપનયન સંસ્કારનો સમય આવ્યો છે.

**ઉપનયન-સંસ્કાર શું છે?**

ભારતની પ્રાચીન પરંપરા એવી છે કે બ્રાહ્મણ બાળક આઠ વર્ષનો થાય, ક્ષત્રિય બાળક દશ વર્ષનો થાય અને વૈશ્ય બાળક બાર વર્ષનો થાય એટલે તેનો ઉપનયન-સંસ્કાર થાય છે.

**ઉપનયન-સંસ્કારમાં ત્રણ ઘટનાઓ પ્રધાન છે.**

૧. બાળક કે જે હવે કુમાર ગણાય છે તે ગુરુ પાસેથી 'ગાયત્રી મંત્ર' પ્રાપ્ત કરે છે.

૨. બાળકને યજ્ઞોપવીત (જનોઈ) આપવામાં આવે છે.

૩. બાળક ગુરુગૃહે વિદ્યાભ્યાસ માટે જાય છે.

ગુરુગૃહે દીર્ઘકાળપર્યંત રહીને વિદ્યાર્થી વિદ્યા ગ્રહણ કરે છે અને પછી ગુરુ તેનો સમાવર્તન-સંસ્કાર કરે છે. વિદ્યાભ્યાસ પરિપૂર્ણ કરીને બ્રહ્મચારી ગુરુગૃહેથી પિતૃગૃહે પરત આવે, તે માટે જે વિધિ થાય તેને સમાવર્તન-સંસ્કાર કહેવામાં આવ છે. આમ ઉપનયન સંસ્કારથી વિદ્યાભ્યાસનો પ્રારંભ થાય છે અને વિદ્યાભ્યાસ પરિપૂર્ણ થાય ત્યારે સમાવર્તન સંસ્કાર થાય છે.

ભગવાન શ્રીરામ, ભરતજી, લક્ષ્મણજી અને શત્રુઘ્નજી ભાઈઓના ઉપનયન-સંસ્કાર થાય છે. ચારેય ભાઈઓ ગાયત્રી મંત્ર ગ્રહણ કરે છે, યજ્ઞોપવીત ધારણ કરે છે અને હવે ગુરુદેવ વશિષ્ઠમહારાજને ઘેર વિદ્યાભ્યાસ કરવા માટે જાય છે.

જુઓ! ભગવાન શ્રીરામ તો ભગવાન છે અને અન્ય ત્રણ ભાઈઓ ભગવાનના પાર્ષદો અને રાજકુમારો છે, છતાં ચારેય ભાઈઓ વિદ્યાભ્યાસ માટે ગુરુગૃહે જાય છે અને જુઓ! રાજકુમારોને ભણાવવા માટે મહારાજ દશરથ વશિષ્ઠમહારાજને પોતાના મહેલમાં બોલાવતા નથી. ભગવાન સાથે સૌ ભાઈઓ વિદ્યાગ્રહણ માટે ગુરુને ઘેર જાય છે. આ પ્રાચીન ભારતની પરંપરા છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ વિદ્યાગ્રહણ માટે ઉજ્જૈનમાં મહર્ષિ સાંદીપનિજીના આશ્રમે જાય છે અને ત્યાં રહીને વિદ્યા ગ્રહણ કરે છે. આ ભારતની આર્ય પરંપરા છે. વિદ્યા ગ્રહણ કરવા માટે આપણે ગુરુ પાસે જવું જોઈએ. ગુરુને બોલાવી ન શકાય!

गुरुगृहँ गए पढन रघुराइ।
अलपकाल विद्या सब आई॥

*– बा. का., २०४-४*

*'રઘુનાથ (અને સૌ ભાઈઓ) ગુરુને ઘેર વિદ્યા ગ્રહણ કરવા જાય છે અને અલ્પકાળમાં તેમણે બધી વિદ્યાઓ પ્રાપ્ત કરી લીધી.'*

સર્વ વિદ્યાઓ એટલે કઈ કઈ વિદ્યાઓ? તે યુગમાં ઉપલબ્ધ હતી તે સર્વ વિદ્યાઓનું અહીં કથન છે. તે યુગમાં કઈ કઈ વિદ્યાઓ ઉપલબ્ધ હતી? ચાર વેદ, છ વેદાંગ, ષડ્દર્શન, ધર્મશાસ્ત્ર, યોગવિદ્યા, ઉપનિષદવિદ્યા, યજ્ઞવિદ્યા, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ આદિ વિદ્યાઓ ગ્રહણ કરી તેમ સમજવું જોઈએ. ક્ષત્રિયનાં સંતાનો છે, એટલે શસ્ત્રવિદ્યા પણ ગ્રહણ કરી જ હોય.

ચારેય વેદ જેમના સ્વાભાવિક શ્વાસ છે તે ભગવાન અને તેમના પાર્ષદો- ભાઈઓ વિદ્યા ગ્રહણ કરવા ગુરુગૃહે જાય છે અને વિદ્યા પ્રાપ્ત કરે છે. આ એક મોટું કૌતુક છે. હા, કૌતુક છે. જીવન અને અસ્તિત્વ એક કૌતુક છે અને અવતાર પણ એક રહસ્યપૂર્ણ કૌતુક છે, તો તેમની અને તેમના પાર્ષદોની લીલામાં પણ કૌતુક હોય તે સ્વાભાવિક જ છે.

હવે એક નવી લીલાનું કથન છેઃ

बंधु सरवा सँग लेहि लोबाई।
बन मृगया नित खेलहिं जाई॥

पावन मृग मारहिं जियँ जानी।
दिन प्रति नृपहि देखावहिं आनी॥

*– बा. का., २०५-१-२*

*‘શ્રીરામચંદ્રજી ભાઈઓ અને ઇષ્ટ મિત્રોને સાથે લઈ જાય છે અને નિત્ય વનમાં જઈને શિકાર ખેલે છે. મનમાં પવિત્ર જાણીને મૃગોને મારે છે અને પ્રતિદિન લાવીને રાજા દશરથજીને બતાવે છે.’*

અહીં થોડું વિચારવાનું છે.

કેટલાક ભક્તો શિકારની આ લીલાને સમજી-સ્વીકારી શકતા નથી. તેમને આ ઘટના અજુગતી લાગે છે. શ્રીરામ નિર્દોષ મૃગોને મારે? શા માટે મારે? આ ભક્તો પ્રભુની આ શિકારલીલાને સ્વીકારી શકતા નથી અને કેટલાક વળી આ લીલાના અવનવા અર્થો બેસાડે છે.

વસ્તુતઃ આ લીલામાં કાંઈ અજુગતું નથી અને કોઈ અન્ય અવનવા અર્થો ગોતી કાઢવાની પણ જરૂર નથી. તે કાળમાં અને ગઈ કાલ સુધી ક્ષત્રિયો શિકાર ખેલતા અને તેમાં કાંઈ ખોટું કે અજુગતું ગણાતું પણ નહીં. ભગવાન શ્રીરામ આદિ ચારેય ભાઈઓ ક્ષત્રિયોનાં સંતાનો છે. તદનુસાર ભરતજી પણ ક્ષત્રિય સંતાન છે અને શિકારલીલામાં ભગવાન શ્રીરામની સાથે જાય છે.

સીતાજીના હરણના પ્રસંગે પ્રભુ રામ સીતાજીના કહેવાથી કાંચનમૃગને મારવા માટે ગયા હતા. મહારાજ દશરથજી શિકાર ખેલવા ગયા હતા અને ભૂલથી શ્રવણનો વધ થયો હતો. આમ, આ શિકારલીલા માટે અન્ય કોઈ અવનવા ખુલાસાઓ શોધવાની જરૂર પણ નથી.

એટલું જ નહીં, પણ ચારેય ભાઈઓ આ મારેલાં મૃગોને લાવીને મહારાજ દશરથજીને બતાવે છે.

પછી તુલસીદાસજી તરત જ લખે છેઃ

जे मृग रामबानके मारे।
ते तनु तजि सुरलोक सिधारे॥

– *बा. का., २०५ – ३*

*'જે મૃગો શ્રીરામજીના બાણથી મરતાં હતાં,*
*તે સર્વ દેહ છોડીને દેવલોક ચાલ્યા જતાં હતાં.'*

આમ, શ્રીરામ (અને ભરત આદિ ભાઈઓ)ના બાણથી મરવું એ તો પરમ સદ્ભાગ્ય ગણાય!

ભગવાન શ્રીરામ પોતાના નાના ભાઈઓ સાથે અને સખાઓ સાથે ભોજન કરે છે અને સૌ માતાપિતાની આજ્ઞાનું પાલન કરે છે. સૌ ભાઈઓ નગરજનો સુખી થાય તેવી લીલાઓ કરે છે. સૌ આનંદપૂર્વક વેદ-પુરાણ સાંભળે છે અને પછી પોતે ભરત આદિ નાના ભાઈઓને સમજાવીને કહે છે.

ચારેય ભાઈઓ પ્રાતઃકાળે ઊઠીને માતાપિતા અને ગુરુમહારાજનાં ચરણોમાં શીશ નમાવે છે. માતાપિતાની આજ્ઞા લઈને તેઓ સૌ નગરનું કામ કરે છે. ચારેય ભાઈઓનાં ચરિત્ર જોઈને મહારાજ દશરથ અને માતાઓ ખૂબ પ્રસન્ન રહે છે.

આવી છે પ્રભુ રામ અને તેમના સૌ બંધુઓની અલૌકિક લીલા!

ભગવાન શ્રીરામના હૃદયમાં ભાઈ ભરત પ્રત્યે અપરંપાર પ્રીતિ છે. ભરતજીના હૃદયમાં પ્રભુ રામ પ્રત્યે અપરંપાર ભક્તિ છે. શ્રીરામ અને ભરતજીનો પ્રેમસંબંધ એક વિરલ સંબંધ છે. ભરતજી પોતે જ કહે છેઃ

मैं जानउँ निज नाथ सुभाऊ।
अपराधीहु पर कोह न काऊ॥

मो पर कृपा सनेहु बिसेषी।
खेलत खुनिस न कबहूँ देखी॥

सिसुपन तें परिहरेउँ न संगू।
कबहुँ न कीन्ह मोर मन भंगू॥

मैं प्रभु कृपा रीति जियँ जोही।
हारेहुँ खेल जितावहिं मोही॥

*– अ. का., २६०-५-६-७-८*

*'હું મારા સ્વામી(શ્રીરામજી)નો સ્વભાવ જાણું છું.*
*તેઓ અપરાધી પર પણ ક્યારેય ક્રોધ નથી કરતા.*
*મારા ઉપર તો તેમનાં વિશેષ કૃપા અને સ્નેહ છે.*
*મેં ખેલમાં પણ ક્યારેય તેમની રીસ (અપ્રસન્નતા) જોઈ નથી.*

*મેં નાનપણથી જ તેમનો સાથ છોડ્યો નથી અને તેમણેય મારા*
*મનને ક્યારેય તોડ્યું નથી (મનને પ્રતિકૂળ કાર્ય કર્યું નથી).*
*મેં પ્રભુની કૃપાની રીતિ હૃદયમાં સારી રીતે જોઈ છે.*
*મારા હારવા છતાં પણ રમતમાં પ્રભુ મને જિતાડતા રહ્યા છે.'*

*પ્રભુ રામના મનમાં ભરતજી પ્રત્યે એવો ભ્રાતૃભાવ-પ્રેમ છે કે રમતમાં પણ ભરતજીને તેઓ કદી હરાવતા નથી. પોતે જીતી શકે તેમ હોવા છતાં પ્રભુ રામ પોતાની હાર પસંદ કરે છે!*

*ભરતજી પ્રભુ રામના એવા પ્રેમી હતા, જે સર્વ રીતે પરિપૂર્ણ હતા. ભરતજીનું સંપૂર્ણ વ્યક્તિત્વ રામમય હતું. ભરતજીનાં ચાહ, ચિંતન, હલનચલન આદિ સર્વ શ્રીરામપ્રેમોલ્લાસિત હતાં.*

ભગવાનના ભક્ત પ્રત્યેક રીતે ભગવાનની સાથે જ રહેવા ઇચ્છે છે અને સદૈવ ભગવાનના જ પક્ષે રહેવા ઇચ્છે છે, પરંતુ ભરતજી પ્રભુ રામના એવા ભક્ત છે કે જે પ્રભુ રામની પ્રસન્નતા માટે પ્રભુ રામથી અલગ પણ રહેવા તૈયાર થાય છે અને ભલે રમતમાં પણ પ્રભુ રામની સામે રહેવા તૈયાર થાય છે. ભરતજીને એવો સંતોષ પ્રાપ્ત થાય છે, પ્રભુ રામ પ્રસન્ન રહે તેમ જીવવું અને તેમ રહેવું. તે માટે વિયોગ અને વિરોધ બંનેને ભરતજી સ્વીકારી લે છે.

એક વાર ચારેય ભાઈઓ ઘોડેસવાર થઈને સરયૂના પાવન, સુરમ્ય અને વિશાળ તટ પર જાય છે. સૌએ સાથે મળીને એવી

યોજના બનાવી કે સૌ સાથે મળીને કંદુકક્રીડા (દડાની રમત) નામની રમત રમીએ. ચાર ભાઈઓ છે. બીજા પણ ઘણા બાલસખાઓ છે. રમતની તૈયારી થઈ રહી છે. આજે અંતરીક્ષમાં દેવો પણ વિમાનો લઈને પ્રભુ રામની રમત જોવા પધાર્યા છે.

રમત માટે બે ટુકડીઓ બનાવવી જોઈએ. બંને ટુકડીના નાયક પણ નિયુક્ત થવા જોઈએ. આ કાર્ય સરળ નથી. બંને ટુકડીઓમાં સબળ, નિર્બળ, ચતુર આદિ સમાન હોવા જોઈએ. બંને ટુકડીઓ મહદ્અંશે સમાન કક્ષાની હોવી જોઈએ. તો જ રમત જામે અને તો જ રમતનો આનંદ લઈ શકાય. હવે પ્રશ્ન એ છે કે આ બે ટુકડી બનાવવી કેવી રીતે?

પહેલી સમસ્યા એ હતી કે સૌ કોઈ પ્રભુ રામની સાથે રહેવા ઇચ્છતા હતા. આમ જ બને તો બે ટુકડી બને કેવી રીતે? અને ટુકડી બનાવ્યા વિના કંદુકક્રીડા થાય કેવી રીતે? પ્રભુ રામ તો આજે કંદુકક્રીડાનો આનંદ લેવા માટે જ આવ્યા છે. સૌ એમ જ ઇચ્છે છે કે પ્રભુ રામ કંદુકક્રીડાનો આનંદ માણે.